# નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરી સુરત,

નગર પ્રાથમિક શાળા નંબર ૨૦,ત્રીજો માળ,ડચ રોડ,નાનપુરા,સુરત.

Email:-dlma.surat@gmail.com


જા.નં.:ના.જિ.નિ.શિ./વર્ષ-૨૦૨૬/સાક્ષરતા પખવાડિયા/૧૭૩-૧૯૭ તા : ૨૦/૦૮/૨૦૨૬

પ્રતિ,

સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ,

મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી/પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

બી.આર.સી. કો.ઓ.શ્રી,સી.આર.સી.કો.ઓ.શ્રી,યુ,આર.સી.શ્રી તમામ,

તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લો-સુરત

વિષય : ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ (બે સપ્તાહ )"આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ " માટે ૮ મી સપ્ટેમ્બરને "વિશ્વ સાક્ષરતા દિવસ" તરીકે ઉજવણી કરવા બાબત

સંદર્ભ : માન. નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર અને પ્રાથમિક શિક્ષણ,જી.સી.ઈ. આર.ટી.ગુ.રા. ગાંધીનગરના પત્રાંક:સનશ/ગ-૧/૮ સપ્ટેમ્બર-૨૬/૧૦૭૫-૧૨૬૭ તા:૧૪/૮/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે **ULLAS**-" નવભારત સાક્ષરતા કાર્યક્રમ" યોજના/ અંતર્ગત સમગ્ર ભારત દેશમાં ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી 14 સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન **ULLAS/ Litreacy fornight** (" આંતરરાષ્ટ્રીય સાક્ષરતા પખવાડિયા" ) બે સપ્તાહ માટે જિલ્લા લેવલે જુદા જુદા કાર્યક્રમો કરી ૮ સપ્ટેમ્બરને " વિશ્વ સાક્ષરતા દિન" તરીકે ઉજવવામાં નક્કી કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:સનશ/ 2022 /જીઓઆઈ/ચ/તા :૧૯-૦૮-૨૦૨૩ ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં પણ ૧ સપ્ટેમ્બર થી ૮ સપ્ટેમ્બર દરમિયાન "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ" ની એક સપ્તાહ માટે ઉજવણી કરવામાં ઠરાવવામાં આવેલ છે.

ભારત સરકારના મિનીસ્ટર ઓફ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ ઓફ સ્કુલ એજ્યુકેશન ન્યુ દિલ્હીનો તારીખ ૧૩/૦૮/૨૦૨૬ના પત્રથી ૧ સપ્ટેમ્બર થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ બે સપ્તાહ દરમિયાન "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા પખવાડિયા" ની ઉજવણી કરવા અને ઉલ્લાસ એપ નવભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે તમામ નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે સાક્ષરતા સપ્તાહનું આયોજન કરવાનું નિર્ણય લેવામાં આવ્યો છે. પખવાડિયાના સાક્ષરતા અભિયાનમાં વ્યાપક પ્રચાર માટે સામાજિક મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ સહિત પૂરતું મીડિયા કવરેજ કરવા તથા સાક્ષરતા અભિયાન દરમિયાન લોગો, સ્લોગન જેવી વિવિધ પ્રવૃત્તિઓથી લોકપ્રિય બનાવવા તથા શીખનારાઓને પ્રોત્સાહિત કરવા માટે ભારત સરકાર દ્વારા સૂચના આપવામાં આવેલ છે તેની વિગતવાર પ્રવૃતિઓ આપની કક્ષાએ હાથ ભરવાની રહેશે.

## ULLAS સાક્ષરતા પખવાડિયા માટે સૂચિત પ્રવૃત્તિઓ - 2026

| ક્રમ | કાર્યક્રમ/પ્રવૃત્તિ | સહભાગીઓ |
|---|---|---|
| 1 | ULLAS સાક્ષરતા પખવાડિયા દરમિયાન ULLAS મોબાઇલ એપ્લિકેશન પર શીખનારાઓ અને સ્વયંસેવક શિક્ષકોની નોંધણી માટે ખાસ અભિયાન | શીખનારાઓ અને સ્વયંસેવક શિક્ષકોની નોંધણી માટે ઘરે ઘરે સઘન સર્વે. શાળાઓ, TEIs, HEIs, NVS, KVS વગેરેમાંથી વિદ્યાર્થીઓને સ્વયંસેવક શિક્ષકો તરીકે નોંધણી કરવા માટે ખાસ ઝુંબેશ |
| 2 | જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને ULLASની અન્ય જિલ્લા અમલીકરણ એજન્સીઓ દ્વારા ULLAS - નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે જાગૃતિ અંગે વર્કશોપ/પરિષદો/સેમિનાર/બેઠકો | DIET અને તેમના ફેકલ્ટી, સરકારી/સહાયિત શાળાઓના શિક્ષકો, NCTE હેઠળના TEIsના પ્રતિનિધિઓ, University/AICTE હેઠળના HEIs (ડિગ્રી કોલેજો/ટેકનિકલ સંસ્થાઓ), NVS, KVS, MYBharat, NCC, NSS, સ્કાઉટ્સ અને ગાઇડ્સ વગેરે |
| 3 | પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) સાથે ગ્રામ પંચાયતોમાં બેઠકો | સરકારી અધિકારીઓ, શિક્ષકો, PRIs, ગ્રામ પંચાયતોના સભ્યો, SMCs, ખેડૂતો, મહિલાઓ, નિવૃત્ત કર્મચારીઓ, ICDS/વન સ્ટોપ સેન્ટર્સ, મહિલા સ્વ-સહાય જૂથો (SHGs), નવ-સાક્ષરો, નિરક્ષરો વગેરે |
| 4 | વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સાક્ષરતા અને ULLAS-નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે બેનર અને પ્લેકાર્ડ સાથે રેલીઓ/સાયકલ રેલીઓ/પ્રભાત ફેરીઓ/નુક્કડ નાટકો વગેરે | NVS, KVS, સરકારી/સહાયિત શાળાઓ/CBSE સંલગ્ન શાળાઓ/NCTE હેઠળના TEIs, HEIsના વિદ્યાર્થીઓ, અને ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સ, MYBharat, NSS અને NCCના સ્વયંસેવકો |
| 5 | વિવિધ સરકારી વિભાગો, સંસ્થાઓ, PSUs, MNCs, કોર્પોરેટ્સ અને વ્યાપાર સંસ્થાઓ વગેરેના સહયોગથી ULLAS હેઠળ કન્વર્જન્સ અને CSR પ્રવૃત્તિઓનું આયોજન | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર, જિલ્લા વહીવટીતંત્ર, શિક્ષણ વિભાગ, જિલ્લા શિક્ષણ અધિકારી/મૂળભૂત શિક્ષણ અધિકારીઓ, DIETs, PRIs વગેરે |
| 6 | પોસ્ટર, પેમ્ફલેટ વગેરે, સોશિયલ મીડિયા ઝુંબેશ, શ્રેષ્ઠ મીડિયા સામગ્રી માટે સ્પર્ધાઓ, ચર્ચાઓ અને પરિસંવાદો, અને ULLAS પર દીવાલ ચિત્રો દ્વારા જાગૃતિ ફેલાવવા દ્વારા આઉટરીચ પ્રવૃત્તિઓ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર, જિલ્લા વહીવટીતંત્ર, શિક્ષણ વિભાગ, જિલ્લા શિક્ષણ અધિકારી/મૂળભૂત શિક્ષણ અધિકારીઓ, DIETs, શિક્ષકો, PRIs, NVS, KVSના વિદ્યાર્થીઓ, સરકારી/સહાયિત શાળાઓ/CBSE સંલગ્ન શાળાઓ/NCTE હેઠળના TEIs, HEIs, ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સના |

| ક્રમ | કાર્યક્રમ/પ્રવૃત્તિ | સહભાગીઓ |
|---|---|---|
| | | સ્વયંસેવકો, શિક્ષકો, MYBharat, NSS અને NCC, ખેડૂતો, નિવૃત્ત કર્મચારીઓ, મહિલાઓ, PRIs અને આંગણવાડી કાર્યકરો |
| 7 | રેડિયો જિંગલ્સ અને ટૂંકી ફિલ્મો | કોમ્યુનિટી રેડિયો, સ્થાનિક સિનેમા અને લાઉડસ્પીકર વાન વગેરે |

સમગ્ર ગુજરાત રાજ્યના જિલ્લા કક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન જનભાગીદારીથી કરવા તથા ૮ સપ્ટેમ્બરના રોજ "વિશ્વ સાક્ષરતા દિન"ની ઉજવણી કરવા જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓને જણાવવામાં આવે છે. નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે તમામ નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે સાક્ષરતાનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય તે હેતુથી શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધા,સાયકલ રેલીનું આયોજન,મીડિયા કવરેજ થાય,સાક્ષરતા સંદર્ભે નાટક,પ્રભાત ફેરી વગેરે કાર્યક્રમ આપશ્રીના નેતૃત્વ હેઠળ હાથ ધરી કામગીરીનો વિગતવાર અહેવાલ તથા ફોટોગ્રાફ સાથે અત્રેની કચેરીના ઈ-મેલ **dlma.gujarat@gmail.com** પર મોકલી આપવાનો રહેશે.

શાસનાધિકારી
નગર પ્રા.શિક્ષણ સમિતિ,સુરત

નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી
સુરત જિ. સુરત

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત સુરત, જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી, સુરત ગ્રામ્ય
સુરત, જિલ્લો-સુરત

જિલ્લા શિક્ષણાધિકારી, સુરત શહેર
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :૧) સાક્ષરતા અને નિરંતર અને પ્રાથમિક શિક્ષણ,જી.સી.ઈ. આર.ટી.ગુ.રા. ગાંધીનગરના
પત્રાંક:સનશ/ગ-૧/૮ સપ્ટેમ્બર-૨૬/૧૦૭૫-૧૨૬૭, તા:૧૪/૮/૨૦૨૬

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ,</u>

- માન.નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર
- માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
- માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત